**ક્રમાંક–૧૫**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**બુધવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

બુધવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૨, ૩, ૫, ૭, ૮, ૧૦, ૧૨, ૧૫, ૧૭ અને ૧૮ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ– ૪, ૬, ૯, ૧૧, ૧૩, ૧૪ અને ૧૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

રાજીનામા આપેલ સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતા ક્રમ– ૪૧, ૬૯, ૭૪, ૧૦૭, ૧૬૦, ૧૮૦, ૧૮૫, ૨૧૧, ૨૩૮ અને ૨૫૩ રદ કરવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા તારાંકિત પ્રશ્નો અગ્રતાક્રમ ૧૯થી ૨૬૬(પૈકી રદ સિવાયના)ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી આર.સી.મકવાણાએ સમિતિનો આઠમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

**૩. બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રી આર.સી.મકવાણાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના આઠમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)**

જિલ્લા વહીવટને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૮ અને કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૯ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે, સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯૨ અને અનુસૂચિત જાતિ પેટા યોજનાને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯૫ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમારે રજૂ કરી.

માગણી ક્રમાંક– ૭૮, ૭૯ અને ૯૨ ઉપર વિપક્ષના સભ્યશ્રીઓ સભાગૃહમાં હાજર ન હોવાથી એકપણ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થયેલ નથી.

માગણી ક્રમાંક–૯૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરવામાં આવી.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી સી.કે.રાઉલજી
(૨) શ્રી શંભુજી ઠાકોર
(૩) શ્રીમતી માલતી મહેશ્વરી
(૪) શ્રી બલરાજસિંહ ચૌહાણ
(૫) ડૉ.નીમાબેન આચાર્ય
(૬) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૭) શ્રી કરસનભાઇ સોલંકી
(૮) શ્રી રાકેશભાઇ શાહ
(૯) શ્રી પ્રદિપભાઇ પરમાર
(૧૦) શ્રી ભીખાભાઇ બારૈયા
(૧૧) શ્રી જીગ્નેશકુમાર મેવાણી

**વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૨) શ્રી હિતુ કનોડીયા (૧૩) શ્રી લાખાભાઇ સાગઠીયા

ત્યારબાદ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની ચર્ચાનો જવાબ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમારે આપ્યો.

ત્યારબાદ મહેસૂલ વિભાગની ચર્ચાનો જવાબ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે આપ્યો.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

**ત્યારબાદ માગણી ક્રમાંક–૭૮, ૭૯, ૯૨ અને ૯૫**
**મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**
**સભાગૃહ, ગુરુવાર, તા. ૧૯મી માર્ચ ૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે સાંજના ૪.૩૭ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,** **ડી.એમ.પટેલ**
**ગાંધીનગર.** **સચિવ,**
**તા. ૧૮મી માર્ચ , ૨૦૨૦** **ગુજરાત વિધાનસભા.**